# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬ તા.૩-૬-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

**વિષય :- ૨૧ જૂન- 'વિશ્વ યોગ દિવસ-૨૦૧૭' અન્વયે ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની શાળાકક્ષાની ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે 'વિશ્વ યોગ દિવસ-૨૦૧૭' અન્વયે ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની શાળાકક્ષાની ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે યોજવાની રહેશે.સ્પર્ધાનું આયોજન નીચે મુજબ રહેશે.

| **ક્રમ** | **સ્પર્ધાનું નામ** | **વિષય** | **સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનું ધોરણ** | **શાળા કક્ષાની સ્પર્ધાની તારીખ** |
|---|---|---|---|---|
| ૧ | ચિત્ર સ્પર્ધા | ૧. આસન<br>૨. પ્રાણાયામ<br>૩. ધ્યાન | ૬ | ૯-૬-૧૭ |
| ૨ | વકતૃત્વ સ્પર્ધા | ૧. અષ્ટાંગ યોગ<br>૨. ભારતના મહાન યોગાચાર્ય<br>૩. યોગ અને આરોગ્ય | ૭ | |
| ૩ | નિબંધ સ્પર્ધા | ૧. યોગ ક્ષેત્રે ભારત દેશનું પ્રદાન<br>૨. યોગ દ્વારા રોગોમાં થતાં ફાયદા<br>૩. ગુજરાત રાજ્યનું યોગક્ષેત્રે પ્રદાન | ૮ | |

**સ્પર્ધા અંગે વિશેષ સૂચના :-**

**ચિત્ર સ્પર્ધા :-**

- ઉપરોક્ત વિષયો પૈકી કોઈપણ એક વિષય પર એ-૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર ચિત્ર દોરાવવું.
- ચિત્ર દોરવા ઓઈલ પેસ્ટલ કલર (મીણના કલર)નો જ ઉપયોગ કરવાનો રહેશે અને સ્પર્ધાનો સમયગાળો ૧.૩૦ કલાકનો રહેશે.
- શાળાકક્ષાએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર બાળકોને સ્વખર્ચે કાગળ તેમજ કલરની વ્યવસ્થા કરવાની રહેશે.
- શાળા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શાળાના કે અન્ય હાઈસ્કૂલના ચિત્ર શિક્ષકોને બોલાવવાના રહેશે.
- ચિત્ર સ્પર્ધા માટેનું ગુણાંકન પત્રક નીચે મુજબ રહેશે.

| ક્રમ | સ્પર્ધાનું નામ | શાળાનું નામ | વિષય | વિષયવસ્તુની અનુરૂપતા | કલરની સૂઝ | કમ્પોઝીશન | સ્વચ્છતા | સમગ્ર છાપ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૫ | ૧૦ | ૧૫ | ૫ | ૫ | ૫૦ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| | | | | | | | | | |

**વકતૃત્વ સ્પર્ધા :-**

- વકતૃત્વ સ્પર્ધામાં ઉપરોક્ત વિષયો પૈકી ગમે તે એક વિષય પર ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં બાળકોએ બોલવાનું રહેશે.
- વકતૃત્વ સ્પર્ધા માટેનો સમય દરેક સ્પર્ધકો માટે ૫ મિનિટનો રહેશે.
- શાળાકક્ષાએ પ્રથમ વિજેતા વિદ્યાર્થી બીટકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. જેનું નામ, ધોરણ, વિષય વગેરેની વિગત બીટ સુપરવાઈઝરશ્રીને તા.૧૨/૬/૧૭ સુધીમાં મોકલી આપવાની રહેશે.

**નિબંધ સ્પર્ધા :-**

- વિદ્યાર્થીઓએ ઉપરોક્ત વિષયોને અનુલક્ષીને કોઈપણ એક વિષય પસંદ કરી તેના ઉપર વધુમાં વધુ ૧૫૦ શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે.

- નિબંધ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી પૈકી ગમે તે એક ભાષામાં લખવાનો રહેશે.
- શાળા કક્ષાએ પ્રથમ વિજેતા વિદ્યાર્થી બીટકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. જેનું નામ, ધોરણ, વિષય વગેરેની વિગત બીટ સુપરવાઈઝરશ્રીને તા.૧૨/૬/૧૭ સુધીમાં મોકલી આપવાની રહેશે.
- બીટ કક્ષાની સ્પર્ધા તા.૧૫/૬/૧૭ના રોજ નીચેના સ્થળે સવારે ૯:૦૦ કલાકે યોજવાની રહેશે.

**બીટ કક્ષાની સ્પર્ધાનું આયોજન**

| ઝોન | બીટ સુપરવાઈઝરશ્રીનું નામ | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|
| પૂર્વ | શ્રી નવનીતકુમાર અસારી | રાજપુર-૧૧/૧૨ |
| પૂર્વ | શ્રી નૂતનબેન રાજપૂત | અમરાઈવાડી-૭ |
| પૂર્વ | શ્રી કિશનસિંહ રાઠોડ | ઓઢવ-૩ |
| દક્ષિણ | શ્રી દિનેશભાઈ કુશવાહ | મણિનગર-૬ |
| દક્ષિણ | શ્રી પ્રજ્ઞાબેન પંડયા | બહેરામપુરા-૧૧ |
| દક્ષિણ | શ્રી સ્નેહલબેન મોદી | કાંકરીયા-૬ |
| પશ્ચિમ | શ્રી રાજેશકુમાર આમલીયાર | એલિસબ્રિજ-૨ |
| પશ્ચિમ | શ્રી રાજેશકુમાર આમલીયાર | શાહીબાગ-૧ |
| પશ્ચિમ | શ્રી રાધાબેન યાદવ | મહા. ગાંધી શાળા |
| ઉત્તર | શ્રી હસમુખભાઈ પટેલ | નરોડા-૧ |
| ઉત્તર | શ્રી જયદેશભાઈ દૂબે | સરસપુર-૧૩ |
| ઉત્તર | ડૉ. દિલીપકુમાર શાહુ | હાંસોલ-૧ |
| ઉર્દૂ | શ્રી નિઝામુદ્દીન શેખ | રાજપુર ઉ.શા.૧ |
| ઉર્દૂ | શ્રી નિઝામુદ્દીન શેખ | જમાલપુર ઉ. શા.૪ |
| હિન્દી | શ્રી દિપકકુમાર મુખરજી | ગોમતીપુર હિ.૧ |
| હિન્દી | શ્રી દિપકકુમાર મુખરજી | નવાવાડજ હિ.૧ |

- તમામ સ્પર્ધાઓ શાળા સમયમાં યોજવાની રહેશે.
- ચિત્ર સ્પર્ધામાં શાળાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા વિદ્યાર્થીઓની કૃતિઓમાંથી જ બીટકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓની કૃતિ પસંદ કરવાની રહેશે. બીટ કક્ષાની ચિત્ર સ્પર્ધા યોજવાની રહેશે નહીં.
- તમામ સ્પર્ધાના બીટ કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓના નામ એક જ પાનામાં તેમજ તેઓની કૃતિ, સ્પર્ધાઓના ફોટોગ્રાફ અને અહેવાલ તા.૧૫/૬/૧૭ના રોજ મુખ્ય ઓફિસે હેડ ક્લાર્ક બ્રાન્ચમાં મોકલી આપવાના રહેશે.

તા. ૩-૦૬-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**નોંધ :-** પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનાં તા.૦૩-૦૫-૨૦૧૭ના પત્રક્રમાંકઃ પ્રા.શિ.નિ/નીતિ/પ્રતિનિયુક્તિ/૨૦૧૬-૧૭/ ૩૬૬૨-૩૭૧૩ મુજબ નવેસરથી વધ-ઘટના કેમ્પની સૂચના અન્વયે તા.૦૬-૦૪-૨૦૧૭ના રોજ થયેલ વધ-ઘટ બદલી કેમ્પ રદ્દ થતાં, બદલી કેમ્પમાં બદલી હુકમ મેળવેલ શિક્ષકશ્રીઓના બદલી હુકમ રદ્દ કરી, તા.૧-૬-૧૭ના રોજ નવેસરથી જે હુકમો વધ-ઘટ બદલી કેમ્પમાં કરવામાં આવેલ છે, તેનો અમલ કરી, જુનો વધ-ઘટ બદલી હુકમ રદ્દ ગણવાનો રહેશે. તે પ્રમાણેજ શિક્ષકોએ હાજર રિપોર્ટ કરવાનાં રહેશે. તેની નોંધ લેશો અને લેવડાવશો.